હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ

શહેરની એવી મહિલા કે વધુમાં વધુ ઉર્જા બચત કરે તેને એવોર્ડ આપવાના છે... માટે હું સંપૂર્ણ ઉર્જા બચાવવા આજથી રસોઈ કામ બંધ કરું છું...

ગુજરાતના વેપાર-ઉદ્યોગ પ્રતિનિધિમંડળ સાથે મુખ્યમંત્રીની બેઠક

રાજ્યની આગામી ઉદ્યોગ નીતિના ઘડતરમાં વેપાર-ઉદ્યોગ મંડળના સૂઝાવો-અન્ય રાજ્યોની પોલિસીઝના સર્વગ્રાહી પાસાઓ ધ્યાને લેવાશે : મુખ્યમંત્રી : ભારતને પાંચ ટ્રિલીયન ડોલર ઈકોનોમી બનાવવામાં ગુજરાત લીડ લે તે માટે વેપાર-ઉદ્યોગ જગત સંપૂર્ણ સહયોગ આપવા તત્પર

ગાંધીનગર, તા. ૩૦

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ રાજ્યની આગામી ઉદ્યોગ નીતિના ઘડતરમાં વેપાર-ઉદ્યોગ મંડળો-ચેમ્બર્સ ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝના સૂઝાવો તથા અન્ય રાજ્યોની ઈન્ડસ્ટ્રીયલ પોલિસીના સર્વગ્રાહી પાસાંઓનો અભ્યાસ ધ્યાને લેવાની નેમ દર્શાવી છે. આ સંદેર્ભમાં તેમણે કહ્યું કે ભારતને પાંચ ટ્રિલીયન ડોલર ઈકોનોમી તરીકે વિશ્વમાં પ્રસ્થાપિત કરવાના પ્રધાનમંત્રીના સંકલ્પમાં ગુજરાત વેપાર, ઉદ્યોગ તથા ઔદ્યોગિક ઉત્પાદનોના ક્ષેત્રે શ્રેષ્ઠ યોગદાન આપી લીડ લેવા તત્પર છે.

મુખ્યમંત્રીના અધ્યક્ષસ્થાને ગાંધીનગરમાં યોજાયેલી ગુજરાત ચેમ્બર્સ ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝના પદાધિકારીઓ-

પ્રતિનિધિઓની ઉચ્ચ સ્તરીય બેઠક તેમના વિવિધ પ્રશ્નોની રજૂઆતો અંગે યોજવામાં આવી હતી.

આ બેઠકમાં મુખ્ય સચિવ અનિલ મુકિમ, નાણાંના અધિક મુખ્ય સચિવ, જી.પી.સી.વી.ના અધ્યક્ષ અને સભ્ય સચિવ એ.સી.એસ મુકેશ પૂરી, મુખ્યમંત્રીના અગ્ર સચિવ એમ. કે. દાસ, ઊર્જા અગ્ર સચિવ શ્રીમતી સુનયના તોમર, ઊદ્યોગ કમિશનર રાહૂલ ગુપ્તા, જીઆઈડીસીના મેનેજિંગ ડિરેકટર થેન્નારસન, એમએસએમ કમિશનર રંજીતકુમાર અને ચેમ્બર્સના પદાધિકારીઓ જોડાયા હતા.

પ્રતિનિધિમંડળે ગુજરાત સરકાર દ્વારા વેપાર-ઉદ્યોગને મળી રહેલા પ્રોત્સાહનો તેમજ સરળ નીતિઓને કારણે ઉદ્યોગ-વેપાર સંચાલનમાં સુગમતા માટે મુખ્યમંત્રીનો આભાર દર્શાવ્યો હતો.

મુખ્યમંત્રીને પ્રતિનિધિમંડળે એવી પણ ખાતરી આપી કે ભારતને પાંચ ટ્રિલીયન ડોલર ઈકોનોમી બનાવવાના ધ્યેયમાં ગુજરાત લીડ લઈ શકે તે હેતુસર રાજ્યના વેપાર-ઉદ્યોગ મંડળો સરકાર સાથે કદમથી કદમ મિલાવીને ચાલશે અને પૂર્ણ સહયોગ કરશે.

વેપાર ઉદ્યોગ પ્રતિનિધિમંડળે મુખ્યમંત્રીએ તાજેતરમાં ઈઝ ઓફ ડૂઈંગ બિઝનેસ માટે મહત્વપૂર્ણ નિર્ણય ચેમ્બર્સની રજૂઆતોનો સંવેદનશીલ પ્રતિસાદ આપતાં લીધા છે તેને આવકારીને આભારની લાગણી વ્યકત કરી હતી.

વિજયભાઈ રૂપાણીએ પણ વેપાર-ઊદ્યોગ મંડળોની જીઆઈડીસીની જમીન, એમએસએમઈ અંતર્ગત સહાય, જીએસટી સહિતની રજૂઆત અંગે સત્વરે યોગ્ય કરવા સંબંધિત અધિકારીઓને સૂચનો કર્યા હતા.

અપોલો હોસ્પિટલ્સે મહિલા કર્મચારીઓ માટે સેલ્ફ ડિફેન્સ વર્કશોપ યોજયો

ગાંધીનગર, તા. ૩૦

મહિલાઓ સામે ગુનાનું પ્રમાણ વધી રહ્યું છે ત્યારે મહિલાઓ પોતાની સુરક્ષા જાતે કરે તે અત્યંત આવશ્યક બન્યું છે. આ ઉદ્દેશ્ય સાથે અપોલો હોસ્પિટલ્સ, ભાટ દ્વારા પોતાની મહિલા કર્મચારીઓ માટે સેલ્ફડિફેન્સ વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. ઉદ્યોગના નિષ્ણાંતો દ્વારા હાથ ધરાયેલા વર્કશોપમાં મહિલાઓને સેલ્ફ ડિફેન્સની યુક્તિની સાથે સાથે સોશિયલ મીડિયા ઉપર સાવચેત રહેવા સંબંધિત સુરક્ષા અને સલામતીના સૂચનો અને ટીપ્સ અપાઈ હતી. વર્કશોપથી સેલ્ફ ડિફેન્સ અંગેની માહિતી મળવાની સાથે-સાથે મહિલાઓનો આત્મવિશ્વાસ પણ વધ્યો હતો.

પેપરલીક કૌભાંડના આરોપી લખવિંદરસિંઘને ગભરામણ અને પીઠનો દુ:ખાવો થતા હોસ્પિટલમાં દાખલ કરાયો

ગાંધીનગર, તા.૩૦

રાજયભરમાં ચકચાર મચાવી ચુકેલા બિન સચિવાલય પેપરલીક કૌભાંડના મહત્વના આરોપી લખવિંદરસિંઘ ગુરુનામસિંઘ સીંધુને આજે ગભરામણ અને પીઠના દુ:ખાવાની તકલીફ થતા ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો છે. આરોપીને હજુ બે દિવસ હોસ્પિટલમાં સારવાર હઠળ રખાય તેવી શકયતા જણાઈ રહી છે.

બિનાસચિવાલય પેપરલીક કૌભાંડમાં પોલીસે ઝડપેલા છ આરોપીઓ પૈકી મહત્વના આરોપી ગણાતા લખવિંદર સિંઘે આજે ગભરામણ થવાની તથા પીઠમાં દુ:ખાવાની ફરિયાદ કરી હતી. આ ફરિયાદને પગલે પોલીસ દ્વારા લખવિંદરસિંઘને ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં ચેકઅપ માટે લાવવામાં આવ્યો હતો. જયાં ફરજ પરના તબીબ આરોપીને હોસ્પિટલમાં સારવાર અર્થે દાખલ કરવાનું સૂચવતા તેને દાખલ કરવામાં આવ્યો હતો. લખવિંદરને સિવિલ હોસ્પિટલના ત્રીજા માળે એડમિટ કરવામાં આવ્યો છે જયાં તેને વધુ બે દિવસ સારવાર તથા દેખરેખ માટે રાખવામાં આવશે તેવું સુત્રો દ્વારા જાણવા મળ્યું છે. અત્રે ઉલ્લેખનીય છે કે બિન સચિવાલય પેપર લીક કૌભાંડના આરોપીઓને કોર્ટ દ્વારા આઠ દિવસના રિમાન્ડ મંજૂર કરવામાં આવ્યા છે અને રિમાન્ડ દરમિયાન લખવિંદરસિંઘની તબિયત લથડતા હોસ્પિટલમાં દાખલ કરવો પડયો છે.

ગાંધીનગર તાલુકાના ભૂતપૂર્વ આચાર્યોનું સંમેલન યોજાયું

ગાંધીનગર તાલુકાના ભૂતપૂર્વ આચાર્યોનું એક સંમેલન અડાલજવાળા ઘનશ્યામભાઈ પટેલના ફાર્મહાઉસ પર સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. તાલુકાના પૂર્વ આચાર્યો કુદરતના સાનિધ્યમાં સુંદરતા અને મધુર વાતાવરણ સાથે પિકનિક મનાવી ૨૫ વર્ષ જૂના ભૂતકાળના સંસ્મરણો વાગોળી જીવનશૈલી સાથે આનંદની પળો માણી હતી. આ કાર્યક્રમમાં અગ્રણી રમણભાઈ પટેલ (લવારપુર) એન.આર.આઈ. વી.કેર. ફાઉન્ડેશનના ચેરમેન જે.સી. પટેલ ઉપસ્થિત રહી સેવાકીય પ્રવૃત્તિઓને બિરદાવી હતી.

રાજ્યના જિલ્લા શિક્ષણ અને તાલિમભવનોના બી.એડ. અને ડી.એસ.એડ.ના તાલમિર્થીઓની વોલીબોલ ટુર્નામેન્ટ જી.સી.ઈ.આર.ટી. ગાંધીનગર ખાતે યોજાઈ હતી. જેમાં ભાઈઓની ટીમમાં ગાંધીનગરે પ્રથમ સ્થાન અને બહેનોની ટીમમાં ઈડર ડાયેટની ટીમે પ્રથમ સ્થાન હાંસલ કર્યુ હતુ. ગાંધીનગરની બહેનોની ટીમ રનર્સઅપ બની હતી.

બ્રહ્મ સમિટ અંતર્ગત કેન્દ્રીય મંત્રીશ્રી મનસુખભાઇ માંડવીયા, વાઇસ ચેરમેન શ્રી દિલીપભાઈ સંઘાણી , ગાંધીનગર મહાનગર પાલિકાના સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન શ્રી દેવેન્દ્રસિંહ ચાવડા, વિપક્ષના નેતા શ્રી શૈલેન્દ્રસિંહને નિમંત્રણ પાઠવવા બ્રહ્મસમાજના આગેવાનો પહોંચ્યા હતા... આ પ્રસંગે મહાનુભાવોએ નિમંત્રણનો સહર્ષ સ્વીકાર કર્યો હતો.

"ઉજવણી-૨૦૧૯"માં પ્રજ્ઞાચક્ષુ દિવ્યાંગ બાળકોએ પ્રતિભાદર્શન કરાવ્યુ..!!!

હેપ્પી ટુ હેલ્પ ફાઉન્ડેશન આયોજિત કાર્યક્રમમાં ટીકટોક સ્ટાર પરપોટોએ મનોરંજન પુરૂ પાડ્યું : બાળકો ઉપરાંત વૃધ્ધાશ્રમના વડીલોએ પણ ભરપૂર આનંદ માણ્યો

ગાંધીનગર, તા. ૩૦

સતત પાંચમા વર્ષે અંગ્રેજી કલેન્ડર વર્ષના સમાપને "હેપ્પી ટુ હેલ્પ ફાઉન્ડેશન" દ્વારા શહેરના દિવ્યાંગ તથા વિશિષ્ટ બાળકો ઉપરાંત વૃધ્ધાશ્રમ આશ્રિત વડીલો સાથે ઉજવણી કરવામાં આવી હતી. રવિવારે બપોરે ૩ વાગ્યાથી શરૂ કરાયેલી આ ઉજવણીમાં શહેરના પ્રજ્ઞાચક્ષુ દિવ્યાંગ બાળકો દ્વારા ગીત-સંગીત તથા નાટક થકી તેમના ટેલેન્ટની પ્રસ્તુતિ કરવામાં આવી હતી. આ પ્રસંગે ટીક-ટૉક સ્ટાર તરીકે જાણીતા "પરપોટો"એ ઉપસ્થિત રહી દિવ્યાંગ અને વિશિષ્ટ બાળકો

સહિત વડીલોને મનોરંજન પુરૂ પાડ્યું હતું.

"ઉજવણી-૨૦૧૯" અંતર્ગત આવનારા વર્ષ ૨૦૨૦ના આગમન પૂર્વે આયોજિત કરાયેલ કાર્યક્રમમાં શહેરની સરકારી શાળાઓના જરૂરિયાતમંદ વર્ગના બાળકો, વિશિષ્ટ બાળકો, દિવ્યાંગ બાળકો અને વૃદ્ધાશ્રમોના આશ્રિત વડીલો મોટી સંખ્યામાં જોડાયા હતા. સેક્ટર-૧૬ની અંધશાળા ખાતે આયોજિત આ કાર્યક્રમમાં બાળકોએ તેમની ટેલેન્ટ પ્રદર્શિત કર્યા બાદ છેલ્લે ડીજે-ગરબાનો પણ ભરપૂર આનંદ માણ્યો હતો. ટીકટોક સ્ટાર પરપોટોએ કાર્યક્રમમાં ખૂબ મનોરંજન પુરૂ પાડ્યું હતું. અંધશાળાના પ્રજ્ઞાચક્ષુ બાળકોના ગીત-સંગીત ઉપરાંત સરકારી શાળાના બાળકોના નાટકે પણ પ્રેક્ષકોને મોજ પુરી પાડી હતી. "ઉજવણી-૨૦૧૯"ના સમાપન બાદ તમામ વિશિષ્ટ, દિવ્યાંગ અને જરૂરિયાતમંદ બાળકો તથા વડીલોને ભોજન કરાવાયુ હતુ તથા આસપાસના વિસ્તારમાં રહેતા શ્રમજીવી પરિવારના બાળકો માટે ફૂડ પેકેટ્સનું વિતરણ પણ કરવામાં આવ્યુ હતુ. સમગ્ર ઉજવણીને સફળ બનાવવા હેપ્પી ટુ હેલ્પ ફાઉન્ડેશનના સ્વયંસેવકોએ ભારે જહેમત ઉઠાવી હતી.

રાજ્ય સરકારના ઉદ્યોગ અને ખાણ વિભાગ દ્વારા પ્રકાશિત વર્ષ ૨૦૨૦નાં વાર્ષિક કેલેન્ડરનું મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ આજે વિમોચન કર્યુ હતુ. આ વર્ષનું કેલેન્ડર મહાત્મા ગાંધીજીના જીવન-કવન પરની થીમ આધારિત તૈયાર કરાયું છે. આ વેળાએ મુખ્યમંત્રીના ખાસ ફરજ પરના અધિકારી ડી.એચ. શાહ, માહિતી નિયામક અશોકભાઈ કાલરિયા, અધિક માહિતી નિયામક અરવિંદભાઈ પટેલ, સંયુક્ત માહિતી નિયામક પુલક ત્રિવેદી અને સરકારી મુદ્રણ અને લેખન સામગ્રીના નિયામક વી.એમ. રાઠોડ તસવીરમાં નજરે પડે છે.

ગાંધીનગર શહેર ભાજપ દ્વારા નાગરિકતા સંશોધન કાયદો-૨૦૧૯ અંતર્ગત જન જાગરણ અભિયાનનો આજે વોર્ડ નં. ૭ના સે. ૫ ખાતે ડોર ટુ ડોર વસાહતી ભાઈ-બહેનોને મળી સમજણ આપવામાં આવી હતી. આ કાર્યક્રમમાં વોર્ડ નં. ૭ના પ્રમુખ કમલેશભાઈ બેન્કર, મહામંત્રી મુકેશભાઈ રૂપાલા, બિપીન રાવલ, એસ.બી. રાઠોડ, શંકરસિંહ જાડેજા, કાન્તિભાઈ પરમાર, ધર્મેન્દ્રભાઈ પ્રજાપતિ, બી.કે. પટેલ, સુનિલભાઈ, રીટાબેન પટેલ, રંજનબેન પટેલ, જૈનીતાબેન શાહ સહિતના અગ્રણીઓ જોડાયા હતા તેની તસવીર

હેલ્મેટ પહેરવાના કાયદામાં હમણાં ઢીલ મુકાઈ છે. શહેરી વિસ્તારોમાં છુટ મળી હોવાથી ટ્રાફીક પોલીસે પણ વાહનચાલકોને હેલ્મેટ માટે હેરાન કરવાનું ઓછું કરી દીધું છે. હેલ્મેટ વેચતો વેપારી સતત બદલાતાં નિયમોના કારણે હેરાન પરેશાન થઈ ગયો છે. કાયદાનો કડક અમલ ન હોવાથી આખો દિવસ તેને ઘરાકની રાહ જોવી પડે છે.

વિસનગરા નાગર પરિવારનો સ્નેહ સંમેલન સમારંભ યોજાયો

ગાંધીનગર, તા.૩૦

શ્રી વિસનગરા નાગર પરિવાર ગાંધીનગરનો ૨૬મો સ્નેહ સંમેલન તથા તેજસ્વી તારલાઓને સન્માનવાનો સમારંભ યોજાયો હતો. પ્રમુખસ્થાને નાગરબંધુના તંત્રીશ્રી, જાણીતા એડવોકેટ અશોકભાઈ સોમાલાલ મહેતા ઉપસ્થિત રહ્યા હતા. વિશેષમાં મુખ્ય જિલ્લા સરકારી વકીલ તથા પુંજ કમિશનના સભ્ય હિતેશભાઈ રાવલ ગાંધીનગર સમાચારના મેનેજીંગ તંત્રી કૃષ્ણકાન્ત જહા ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

દીપ પ્રાગટયથી કાર્યક્રમનો પ્રારંભ થયો હતો. આ પ્રસંગે વિસનગરા નાગર પરિવારના જ કલાકારોએ રંગારંગ સાંસ્કૃતિક કાર્યક્રમ રજુ કર્યો હતો. જેમાં વિવિધ કક્ષાની અંતાક્ષરી તથા વિવિધ વેશભૂષાવાળા ભૂલકાઓનો કાર્યક્રમ યોજાયો હતો અને હેલ્લારો ગરબાની રમઝટ મહિલા તથા યુવા પાંખે સંયુકત રીતે બોલાવી હતી. જેમાં મહર્ષિ રાવલ, નંદ દવે તથા સોનાલીબેન રાવલ તેમજ અન્ય યુવા મહિલા પાંખના કાર્યકરોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

આ સમારંભમાં અમૃત મહોત્સવમાં પ્રવેશેલા ત્રણ મહિલાઓનું શાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું હતું તેમજ વિશિષ્ટ સિધ્ધિ મેળવનાર તથા તેજસ્વી ૫૦ તારલાઓને મોમેન્ટો તથા ઈનામ-પ્રમાણપત્ર આપી સન્માન કરવામાં આવ્યું હતું.

મુખ્ય સરકારી વકીલ હિતેશભાઈ રાવલે રજતજયંતિ મહોત્સવની સફળતા તથા દાતાઓનો ઋણ સ્વીકાર કરીને માહિતગાર કર્યા હતા. ખજાનચી આશિષભાઈ પંડિતે રજત જયંતિ મહોત્સવમાં આવક-જાવક તથા બચતની વિસ્તૃત સંપૂર્ણ માહિતી આપી હતી.

વિસનગરા નાગર પરિવારના પ્રમુખ ડૉ. ભાવેશભાઈ મહેતાએ મહેમાનોનું તથા ઉપસ્થિત મહાનુભાવોનું સ્વાગત કર્યું હતું તથા પરિવારની કામગીરીથી વાકેફ કર્યા હતા. મહામંત્રી કૌશિકભાઈ રાવલે સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા જહેમત ઉઠાવી હતી. કાર્યક્રમનું સંચાલન રાજેન્દ્રભાઈ જોષી તથા આશિષભાઈએ કર્યું હતું.

આ પ્રસંગે સુરેશ મહેતા, મનુ મહેતા, સનતભાઈ પંડયા, ડૉ. પ્રમોદચંદ્ર મહેતા, સુભાષભાઈ ભટ્ટ, ભગવતીપ્રસાદ રાવલ, અતુલભાઈ પંડયા તથા એડવોકેટ ધર્મેન્દ્રભાઈ રાવલ અને વિશાળ સંખ્યામાં જ્ઞાતિજનો ઉપસ્થિત રહ્યા હતા. આભારદર્શન મહેશભાઈ રાવલે કર્યું હતું. ચિરાગભાઈ રાવલ, આશિષભાઈ પંડિત, બિંદેશ રાવલ, ભરતભાઈ દેસાઈ, મહેશભાઈ ઠાકોર, વિનુભાઈ રાવલ, નિખિલભાઈ ભટ્ટ, રાકેશભાઈ રાવલ, મહિલા પાંખના સોનાલીબેન રાવલ, શ્રદ્ધાબેન રાવલ તેમજ મહિલા પાંખ અને યુવા કાર્યકરોએ કાર્યક્રમને સફળ બનાવવા જહેમત ઉઠાવી હતી.

Change of Name

I, Barkatullakhan Amirkhan Pathan holder of Indian Passport No N1868908, father of Abrarkhan Barkathullakhan Pathan, holder of Indian Passport No T4014774, issued at Kuwait on 13/06/2019, hereby correct my son's

Given name: Abrarkhan Barkathullakhan
Surname: Pathan

to

Given name: Abrarkhan
Surname: Pathan